# ગુજરાત યુનિવર્સિટી

યુવક કલ્યાણ વિભાગ, નવરંગપુરા, અમદાવાદ

સંપર્ક નં. : ૦૭૯-૨૬૩૦૦૮૩૪

યુ.ક. નં/૦૦૭/૨૦૨૧ તા: ૦૧-૦૯-૨૦૨૧

**પરિપત્ર:**

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

**વિષય: શિક્ષક દિન ઉજવણી કાર્યક્રમ અંગે.**

**સંદર્ભ: ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી તથા ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી તરફથી આવેલ પત્ર ક્રમાંક: ડીટીઈ/શિક્ષક દિન/૨૦-૨૧/૮૯૧૧ તા. ૩૧/૦૮/૨૦૨૧**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે વર્ષ ૧૯૫૨ થી ૧૯૬૨ દરમ્યાન ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને ત્યારબાદ વર્ષ ૧૯૬૨ થી ૧૯૬૯ દરમ્યાન ભારતના રાષ્ટ્રપતિ તરીકે રહેલ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન ના જન્મ દિવસ નિમિતે પ્રતિ વર્ષે ૫મી સપ્ટેમ્બર ના રોજ સમગ્ર ભારતમાં શિક્ષકદિનની ઉજવણી થાય છે.

ઉપરોક્ત દર્શાવેલ ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી તથા ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી તરફથી આવેલ પત્ર આ સાથે સામેલ છે, જે ધ્યાને લેવા વિનંતી.

ચાલુ વર્ષે કોવીડ-૧૯ ની ગાઈડલાઈન્સનો ચુસ્ત અમલ કરી તમામ નોટીસ/સૂચનાઓ આયોજન માત્ર વિદ્યાર્થીઓ દ્વારા જ થાય અને સંપૂર્ણ આયોજન/પ્રેક્ટીસ કરી વિદ્યાર્થીઓ પોતે જ આયોજન કરે અને ભાઈઓ બહેનો સરખે ભાગે સહભાગી બને તે મુજબ શિક્ષક દિનની ઉજવણી કરવાનું રાખવું. શિક્ષક દિનની ઉજવણી દરમ્યાન શિક્ષક દિનનું મહત્વ વિદ્યાર્થીઓ સમજે અને તેમાં ઉત્સાહ પૂર્વક ભાગ લે તે મુજબ બે થી ત્રણ કલાકના કાર્યક્રમનું આયોજન તા. ૦૪-૦૯-૨૦૨૧, તા. ૦૫-૦૯-૨૦૨૧ અથવા તા. ૦૬-૦૯-૨૦૨૧ કોઈ પણ એક દિવસે વિદ્યાર્થીઓનો મત લઈને આયોજન કરવાનું રાખવું.

શિક્ષકદિનનું મહત્વ સમજાવીને શિક્ષકો વિદ્યાર્થીઓના જ્ઞાનમાં કેવી રીતે વધારો કરે છે/કરી શકે છે તે આઉટ કમ સાબિત કરવું.

આથી ઉપરોક્ત બાબત તેમજ ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી તથા ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર તરફથી આવેલ પત્રને ધ્યાને લઈ અને તેમાં દર્શાવ્યા મુજબ શિક્ષક દિનની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવાનું રાખવું.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

નાયબ નિયામક યુવક કલ્યાણ

બિડાણ - ઉપર મુજબ

ક્રમાંક : ડીટીઈ/શિક્ષક દિન/૨૦૨૧ /૯૮-૧૧
ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી તથા
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
ગાંધીનગર
તા.૩૧/૦૮/૨૦૨૧
31 AUG 2021

પરિપત્ર

ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણન ના જન્મ દિવસ નિમિત્તે દર વર્ષે તારીખ ૫ સપ્ટેમ્બરે સમગ્ર ભારતમાં શિક્ષક દિનની ઉજવણી થાય છે. તેઓ ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ (૧૯૫૨ થી ૧૯૬૨) અને ત્યારબાદ વર્ષ ૧૯૬૨ થી ૧૯૬૭ ભારતના રાષ્ટ્રપતિ હતા.

આ વર્ષે શિક્ષક દિનની ઉજવણી દરમ્યાન ટીચર્સ ડે નું મહત્વ તમામ વિદ્યાર્થી સમજે અને તેમા ઉત્સાહ પૂર્વક ભાગ લે તે મુજબ બે થી ત્રણ કલાકના કાર્યક્રમનું આયોજન નીચેના મુદ્દા ધ્યાને રાખી કરવા યુનિવર્સિટીઓને /સંસ્થાના આચાર્યાશ્રીને જણાવવામાં આવે છે.

૧) તા. ૦૫-૦૯-૨૦૨૧ના રોજ રવિવાર આવે છે તેથી ઉજવણી તા. ૦૪-૦૯-૨૦૨૧ અથવા ૦૬-૦૯-૨૦૨૧ના રોજ અથવા તા. ૦૫-૦૯-૨૦૨૧ રવિવારે રાખી શકાય આ માટે બધા વિદ્યાર્થીઓનો મત લઈને આયોજન નક્કી કરવું.
૨) સંપૂર્ણ આયોજન/ પ્રેક્ટીસ કરી વિદ્યાર્થીઓ પોતેજ આયોજન કરે. તેમાં ભાઈઓ/ બહેનો સરખે ભાગે સહભાગી બને.
૩) કોવીડ-૧૯ ની ગાઈડલાઈન્સનો ચુસ્ત અમલ કરી તમામ નોટીસ/સૂચનાઓ આયોજન માત્ર વિદ્યાર્થીઓ દ્વારા થાય. વિદ્યાર્થીઓની સંખ્યા/ સ્થળ/ બેસવાની વ્યવસ્થા/શિક્ષકોને આમંત્રણ વગેરે વિદ્યાર્થીઓ દ્વારા જ થાય.

શિક્ષક દિન નિમિત્તે ઉજવણીના કાર્યક્રમની પ્રવૃત્તિઓ (ઈન્ડીકેટીવ)

૧) તમામ વિદ્યાર્થી પોતાના ટીચર્સના ડ્રેસમાં તૈયાર થઇ આવે શક્ય હોય તો બહેનો સાડી/ફોરમલ ડ્રેસમાં આવે
૨) વિદ્યાર્થીઓ ફન-ગેઇમ્સનું આયોજન કરી શકે છે
૩) હાજર શિક્ષકો/ વિદ્યાર્થીઓ ગમે તે પૂછી શકે તેવું સેશન રાખવું (Ask me anything session) પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખી શકે તેમાં વિષયો લખી ચિઠ્ઠી બોક્સમાં રાખી જવાબ આપી શકે.
૪) વિદ્યાર્થી પોતાના શિક્ષક વિષે ડ્રીમ રાઈટીંગ- પોતાના સ્વપ્ન શિક્ષકનો નાનો લેખ લખે.
૫) વિદ્યાર્થી પોતાના શિક્ષકોની પદ્ધતિ સારા અનુભવ પ્રાપ્ત થયેલ લાભ વગેરેના લેખ / નાની વાર્તાઓ મોકલી શકે. જે વાર્ષિક મેગેઝીનમાં છપાય.

<u>સ્ટેજ પરફોર્મન્સ પ્રવૃત્તિ</u> (ઈન્ડીકેટીવ)

૧) વિદ્યાર્થીઓ દ્વારા વ્યાખ્યાન

૨) વિદ્યાર્થીઓએ લખેલી કવિતાઓનું વાંચન/ ગાયન

૩) ટૂંકા નાટક જેમાં શિક્ષકોના મહત્વ/ તેમની ગુણવત્તા છત્તી થતી હોય

૪) હાસ્ય કાર્યક્રમ

૫) શિક્ષકો અંગે વિચારો/ ક્વોટેશન તૈયાર કરી પ્લેકાર્ડ મૂકવા.

૬) કલાસરૂમની સારી યાદો સ્પષ્ટ કરવી અને લખવી - જેમાં શિક્ષકો તરફના ગ્રેટીટ્યુડ સ્પષ્ટ કર્યા હોય..

૭) અલગ અલગ આભાર નોટ- ઈ મેઈલ દ્વારા પણ મોકલી શકાય.

૮) વિદ્યાર્થીઓના ગ્રુપ દ્વારા પોતાના શિક્ષકો અંગે - ક્રિએટીવબૂક તૈયાર કરવી.

૯) પોતાના ટીચર અંગે સારા વિડીયો / સ્લાઈડ શો / કોલાજ બનાવી સ્ટેજ પર બતાવી / સોશિયલ મીડિયામાં મૂકી શકાય

૧૦) ૧૯૫૦ નું પુસ્તક જે આજેય ખૂબ પ્રસિદ્ધ છે. " To sir with Love" By ER Braithwalle –London School-1950 માંથી કેટલાક પ્રસંગ વાંચવા.

૧૧) સારા એડજેક્ટીવ વાપરી ટીચરના ફોટા સાથે નામ પ્રમાણે ટીચરના ગુણ બતાવતા ફોટા સ્ટેજ પર બતાવી શકાય.

દા.ત. JYOTI    J: Joyful
Y: Yielding
O: Optimistic
T: Tenacious

<u>સમાપન</u>:

આ દિવસનું મહત્વ સમજાવવું અને શિક્ષકો દરેક વિદ્યાર્થીના જ્ઞાનમાં કેવી રીતે વધારો કરે છે/ કરી શકે છે તે આઉટ-કમ સાબિત કરવું.

ઉપરોક્ત દર્શાવેલ પ્રવૃત્તિઓ માત્ર ઈન્ડીકેટીવ છે અને વિદ્યાર્થીઓ પોતાની રીતે તેમા ફેરફાર / ગોઠવણ કરી શકે છે.

-Sd-
(જી. ટી. પંડ્યા, IAS)
નિયામક, ટેકનિકલ શિક્ષણ

-Sd-
(એમ. નાગરાજન, IAS)
નિયામક, ઉચ્ચ શિક્ષણ

પ્રતિ,
રાજ્યની તમામ યુનિવર્સિટીઓના રજિસ્ટ્રારશ્રી તથા રાજ્યની તમામ ઉચ્ચ અને ટેકનિકલ સંસ્થાઓના વડાઓ તરફ જરૂરી કાર્યવાહી સારુ

<u>રવાના કર્યું</u>

(ડૉ. વી. વી. પ્રજાપતિ)
સંયુક્ત નિયામક, ટેકનિકલ શિક્ષણ